Presented on : 07-12-2024
Registered on : 07-12-2024
Decided on : 24-07-2026
Duration : 17D-07M-01Y

**IN THE COURT OF**
**PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C AT ,ARAVALLI**
**Presided Over by MR.A.A.JANI**
**RCS/15/2024**
**Exhibit No.:**

**ઉત્તર ગુજરાત વિજ કંપનીની સબ ડીવીજન ધનસુરા ના નાયબ ઈજનેરશ્રી,**
**દીપકકુમાર નરસિંહભાઈ સોલંકી,**
**રહે. ધનસુરા, તા.ધનસુરા. ......... વાદી**

**-:: વિરૂદ્ધ ::-**

**બારોટ કોમલબેન કમલેશભાઈ,**
**ઉ.વ.આ.૪૦, ધંધો- ઘરકામ,**
**રહે. મધુવન સોસાયટી, ધનસુરા, તા.ધનસુરા, જી.અરવલ્લી. ..... પ્રતિવાદી**

**દાવો :- સી.પી.સી.કલમ- ૨૬ મુજબ કંપનીની લેઝર મુજબ બાકી નીકળતી રકમ રૂા. ૧૪૩૫૦-૭૦/- પૈસા વસુલ મળવા બાબત.**

---

**વાદી તરફે : વિ.વ.શ્રી. એન.પી.જયસ્વાલ**
**પ્રતિવાદી તરફે :- એક તરફી**

---

**:: ઠરાવ ::**

(૧). વાદીની દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, અમો વાદીની સ્થાપીત વીજ કંપની છે. વર્તમાનમાં અમો યુજીવીસીએલ ના નામથી જુદા જુદા હેતુ માટે જેમકે, ખેતી, વ્યવસાય, ધંધો, ઘરવપરાશ વિગેરે માટે નિયમો અનુસાર વિદ્યુતનું વેચાણ કરીએ છીએ. / વીજ વપરાશ પુરો પાડીએ છીએ. અમારી મુખ્ય કંપની ગુજરાત ઉર્જા વિકાસ નીગમ લી. વડોદરા મુકામે આવેલ છે. અમારી વિભાગીય / પેટા વિભાગીય કચેરીઓ રાજય ભરમાં આવેલી છે. તે પૈકી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં અમારી પેટા વિભાગીય કચેરીઓ

ધનસુરામાં આવેલી છે. અમો ના. ઈજનેર તરીકે દાવો દાખલ કરવાની અને તમામ પ્રકારની કાર્યવાહી કરવાના અધિકાર ધરાવીએ છીએ. આ કામના પ્રતિવાદી અમારા ગ્રાહક છે. તેમનો ગ્રાહક નંબર ૨૩૦૯૦૧૧૧૦૮૧૦ છે તેમણે અમારી પાસેથી લીધેલ વીજ જોડાણનું બીલ રૂા. ૧૧૨૪૭–૪૬ ભરપાઈ ન કરતાં અમોએ ગઈ તારીખ ૨૯–૦૩–૨૦૨૪ ના રોજ તેમનું વીજ જોડાણ કાયમી રીતે રદ યાને પી. ડી. સી. કરેલ છે. અમારી સંસ્થાના અધિકારીઓએ પ્રતિવાદી પાસે બાકી પડતી રકમ અંગે વારંવાર ઉઘરાણી કરવા છતાં તેઓએ રકમ જમા કરાવેલ નથી. અમો સદર રકમ તેના વિલંબીત ચાર્જ સહિત મેળવવા કાયદેસર રીતે હકદાર હોવાથી અમોએ પ્રતિવાદીને રકમ ચુકવવા અંગે વકીલશ્રી મારફતે તા.૦૨/૦૯/૨૪ ના રોજ આર. પી. એ. ડી. થી નોટીસ મોકલાવેલ જે વગર બજે પરત ફરેલ છે. તેમને તેમનું બીલ બાકી હોવાની જાણ હોવા તેમણે કોઈ રકમ જમા કરાવડાવેલ નથી. અમો વાદી પ્રતિવાદી પાસેથી નીચે દર્શાવ્યા મુજબની રકમ મેળવવા હકકદાર હોવાથી અને પ્રતિવાદી આ રકમની વસુલાત થાય ત્યાં સુધી ૧.૫ %ના નિયમ મુજબના વ્યાજ સહીત જરૂરી ખર્ચ સહિત રકમ ભરપાઈ કરવા કાયદેસર રીતે બંધાયેલા હોવાથી નીચે મુજબની રકમ વસુલ મેળવવા અમોએ હાલનો દાવો કરેલ છે.(૧) વીજ જોડાણનું બાકી બીલ રૂ.૧૧૨૪૭/૪૬ પૈસા, (૨) ડીલે પેમેન્ટ ચાર્જ (ડીપીસી જૂન–૨૦૨૩ સુધી) રૂ.૨૧૦૩/૨૪ પૈસા અને (૩) નોટીસ ખર્ચ રૂ.૧૦૦૦/– રૂપિયા એમ કુલ રૂ.૧૪૩૫૦/૭૦ પૈસા આ લેણી રકમ પ્રતિવાદી અમો વાદી કંપનીને ન ચુકવી આપે તો અમોને પારાવાર જાહેર હાની અને નુકસાન થાય તેમ છે.

(૨). દાવાના કામે સમન્સની બજવણી કરવામાં આવતાં પ્રતિવાદીને અદાલત સમક્ષ હાજર રહેલ ન હોય આંક – ૧૦ થી વાદી વકીલશ્રી તરફે હાલનો દાવો પ્રતિવાદી વિરૂદ્ધ એકતરફી ચલાવવાની અરજી રજુ થતા તે મંજુર કરવામાં આવેલ અને સદર આંક – ૧૦ લગત હુકમ કરી હાલનો દાવો પ્રતિવાદી વિરૂદ્ધ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૩). મુદ્દા પરત્વેના કારણોની ચર્ચા કરતા પહેલા દાવા કામે વાદીપક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**–:: મૌખિક પુરાવા::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી– દીપકકુમાર નરસિંહભાઈ સોલંકીનું સરતપાસનું સોગંદનામું | ૧૩ |

**–:: દસ્તાવેજી પુરાવા::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ઓફીસ નોટ લીગલ સેંકશનની પ્રમાણીત નકલ | ૧૫ |
| ૨. | પરફોમા નં.૧૨ ની પ્રમાણીત નકલ | ૧૬ |
| ૩. | પ્રતિવાદીના વીજ કનેકશનના વિલંબીત ચુકવણી દરની ગણતરીના બીલની સહી–સિકકાવાળી નકલ | ૧૭ |
| ૪. | પ્રતિવાદી/ગ્રાહક નો કલેકશન વ્યુ | ૧૮ |
| ૫. | પ્રતિવાદીને મોકલાવેલ આખરી નોટીસની સ્થળપ્રત | ૧૯ |
| ૬. | સદર નોટીસ બજી ગયાની એકનોલોજમેન્ટ | ૨૦ |
| ૭. | વાદીને એડવોકેટશ્રી મારફતે મોકલાવેલ નોટીસની પ્રમાણીત નકલ | ૨૧ |
| ૮. | સદર નોટીસ આર.પી.એ.ડી. કર્યાની સફેદ પાવતી | ૨૨ |
| ૯. | વગર બજેનો સીલબંધ બીડો | ૨૩ |
| ૧૦. | પ્રતિવાદી ગ્રાહકના ઉતારાની પ્રમાણીત નકલ | ૨૪ |
| ૧૧. | પ્રતિવાદીની મિલકતનુ આકારણી પત્રક | ૨૫ |

વાદી દ્રારા સદર કામે અન્ય કોઇ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક – ૨૬ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૪). હાલના કામે વાદી વકીલશ્રીની દલીલ સાંભળી.

(૫). આંક – ૧૧ થી નીચે મુજબની વિગતે મુદ્દા ઘડવામાં આવેલ છે.

*1. Whether the plaintiff board proves that Rs.14,350.70/- is due from the defendant towards electricity charges ?*

*2. Whether the plaintiff board proves that the defendant has committed an agreement of electric energy and as per terms of the agreement the board is entitled to recover Rs.14,350.70/- from the defendant against the electricity consumed along with other charges as alleged by the board?*

*3. Whether the plaintiff is entitled to get interest? if yes for what amount and which period?*

*4. What is due to the plaintiff ?*

*5. Whether the plaintiff board is entitled to the reliefs as prayed for?*

*6. What order and decree ?*

**(૬).** **::– મુદ્દાના નિર્ણય –::**

(૧)''હકારમાં''

(૨) ''અંશત:હકારમાં''

(૩) ''અંશત: હકારમાં , ૬% ના વાર્ષિક વ્યાજ સાથે''

(૪) ''અંશત: હકારમા''

(૫) '' નકારમા''

(૬) આખરી હુકમ મુજબ

**:: મુદ્દા પરત્વેના કારણો ::**

**મુદ્દા નં. ૫ પરત્વેના કારણો–**

**(૭).** આ કામે વાદી દ્વારા પ્રતિવાદી પાસેથી વીજ કનેકસશનના વિલંબિત ચુકવણી મુજબની લેણી રકમ વસુલ મેળવવા દાવો કરેલ છે. જેમાં આંક – ૧૦ થી રજુ પ્રતિવાદી ગ્રાહકના લેઝર શીટમાં તા.૨૧/૦૮/૨૦૨૪ સુધી રૂ.૧૧ ,૨૪૭.૪૬પૈસા/– બાકી રકમ જણાવેલ છે. તેમજ પ્રતિવાદીને આપવામાં

આવેલ નોટીસ તા.૦૨/૦૯/૨૦૨૪ ના રોજની જણાય આવે છે. જયારે હાલનો દાવો તા.૦૭/૧૨/૨૦૨૪ ના રોજ દાખલ થયેલ છે. જેથી ત્રણ વર્ષથી અંદર દાવો દાખલ થયેલ હોય વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડતો નથી, હાલનો દાવો ત્રણ વર્ષની મુદત અવધીમાં દાખલ થયેલ હોવાનું ફલીત થાય છે.

**(૮).મુદ્દા નં. ૧, ૨ પરત્વેના કારણો–**

મુદ્દા નં. ૧ તથા ૨ નું ઘડતર જોતા તે સાબીત કરવાની જવાબદારી વાદી પક્ષે રહેલ છે. જે પુરવાર કરવા વાદી પક્ષે આંક – ૧૩ થી દીપકકુમાર નરસિંહભાઈ સોલંકી તે વાદી સંસ્થાના નાયબ ઈજનેરનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે અને આંક – ૧૫ થી આંક – ૨૫ સુધીના રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને પોતાના સોગંદનામાથી સમર્થન આપેલ છે અને તે રીતે પોતાની દાવા હકીકત પુરવાર કરેલ છે. વાદી સંસ્થાને લીગત નોટીસ રજી. એ.ડી.થી મોકલેલ છતાં બીલની રકમ નહી ભરતા વાદીએ દાવો કરેલાનું પુરાવો આપેલ છે. જે દસ્તાવેજી પુરાવા કે મૌખિક પુરાવાનું ખંડન કરતો કોઈ પુરાવો પ્રતિવાદી તરફે રજુ કરેલ નથી કે દાવા અરજીની હકીકતોનું ખંડન કરતો દાવા જવાબ પણ પ્રતિવાદીએ રજુ કરી તે મુજબનો પુરાવો રજુ કરેલ નથી. આ કામે આંક – ૧૫ થી ઓફીસ નોટ લીગલ સેંકશનની પ્રમાણીત નકલ રજુ છે. આંક – ૧૬ થી પરફોમા નં.૧૨ ની પ્રમાણીત નકલ રજુ છે. આંક – ૧૭ થી પ્રતિવાદીના વીજ કનેકશનના વિલંબીત ચુકવણી દરની ગણતરીના બીલની સહી–સિકકાવાળી નકલ રજુ છે. તેમજ આંક – ૧૮ થી પ્રતિવાદી/ગ્રાહક નો કલેકશન વ્યુ રજુ છે. આંક – ૧૯ થી પ્રતિવાદીને મોકલાવેલ આખરી નોટીસની સ્થળપ્રત રજુ છે. આંક – ૨૦ થી સદર નોટીસ બજી ગયાની એકનોલોજમેન્ટ રજુ છે. આંક – ૨૧ થી વાદીને એડવોકેટશ્રી મારફતે મોકલાવેલ નોટીસની પ્રમાણીત નકલ રજુ છે. આંક – ૨૨ થી સદર નોટીસ આર.પી.એ.ડી. કર્યાની સફેદ પાવતી રજુ છે. આંક – ૨૩ થી વગર બજેનો સીલબંધ બીડો રજુ છે. આંક – ૨૪ થી

પ્રતિવાદી ગ્રાહકના ઉતારાની પ્રમાણીત નકલ રજુ છે. આંક – ૨૫ થી પ્રતિવાદીની મિલકતનુ આકારણી પત્રક રજુ છે. જેથી વાદી સંસ્થાએ પબ્લિક એટ લાર્જના સિદ્ધાંતને ધ્યાને લઈ કામ કરતી બોડી હોય, ચેકીંગ સ્કવોડના અધિકારીને પ્રતિવાદી સાથે કોઈ લેવા દેવા ના હોય યુકિત–પ્રયુકિત કરી ખોટા દસ્તાવેજી પુરાવા પ્રતિવાદી સામે ઉભા કરી પ્રતિવાદી સામે ખોટો દાવો કરી દાવાના સમર્થનમાં ખોટો પુરાવો આપેલ હોય તેવુ માની શકાય નહી. તેવા સંજોગોમાં પ્રતિવાદીએ વીટનેશ બોક્ષમાં આવી જુબાની આપી ખંડનાત્મક પુરાવો અદાલત સમક્ષ આપેલ ન હોય, ત્યારે જી.સી.ડી. ૧૯૯૯(૨) માણેકરાવ વિ.વિધાધારાના કેસમાં નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪ અન્વયે અદાલત પ્રતિવાદી વિરૂદ્ધ યોગય અનુમાન કરી શકાય તેવા તારણ ઉપર આવે છે. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય ''અંશત:હકારમા'' તથા ૨ નો નિર્ણય ''’અંશત: હકારમાં'’ ઠરાવવામાં આવે છે.

**(૯).મુદ્દા નં. ૩, ૪ પરત્વેના કારણો–**

દાવાના વાદી સંસ્થા દ્વારા બીલની રકમ તથા ડી.પી.સી. ચાર્જની રકમની માંગણી કરેલ છે પરંતુ વાદી સંસ્થા આવો વ્યાજનો દર કઈ રીતે મેળવવા હકકદાર છે તે સબંધી કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. પરંતુ વાદીના પુરાવાનું ખંડન કરતો પ્રતિવાદીએ કોઈ ખંડનાત્મક દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે પુરાવાનું ખંડન કરવા પ્રતિવાદી અદાલત સમક્ષ પોતાનો મૌખિક પુરાવો રજુ કરવા હાજર રહેલ ન હોય વાદી સંસ્થા બીલની લેણી રકમ મેળવવા હકકદાર બનતા હોય મુદ્દા નં. ૪ નો ઉત્તર ''’અંશત:હકારમાં '’ ઠરાવવામાં આવે છે. વાદી સંસ્થાએ પ્રતિવાદી બાકી લેણીની રકમ ૧૮ % ડી.પી.સી.ની રકમ ચુકવી આપે તેવી માંગણી કરેલ છે. પરંતુ વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વીજ જોડાણનું બાકી બીલ રૂ.૧૧૨૪૭/૪૬ પૈસા, ડીલે પેમેન્ટ ચાર્જ (ડીપીસી જૂન–૨૦૨૩ સુધી) રૂ.૨૧૦૩/૨૪ પૈસા અને નોટીસ ખર્ચ રૂ.૧૦૦૦/– રૂપિયા એમ કુલ રૂ.૧૪૩૫૦/૭૦ (અંકે રૂપીયા ચૌદ હજાર ત્રણસો પચાસ તથા સીતેર પૈસા) પુરા વસુલ મેળવવા કઈ

રીતે હકક પહોંચે છે તે વાદી સ્પષ્ટ કરી શકેલા નથી. હાલના કામે વાદીપક્ષે દ્વારા ડી.પી.સી.ની ગણતરી દર્શાવતી ડી.પી.સી.કેલ્કયુલેશનશીટ લેઝરશીટની સાથે રજુ થયેલ નથી. તેમજ આ બાબતે કોઇ ડી.પી.સી.ર્સકયુલર રજુ કરેલ નથી. જેથી વાદી તરફે રજુ પુરાવા જોતાં આંક–૧૭ થી રજુ બાકી રકમની ગણતરી તેમજ આંક–૧૦ થી રજુ લેઝર શીટમા જણાવેલ રકમ રૂ.૧૧૨૪૭.૪૬ રૂપિયા વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી લેવા હકકદાર હોવાનુમાની શકાય તેમ છે. વાદી સંસ્થા જાહેર જનતાના વિશાળ હીતમાં કામ કરતી હોય, દિવાની કાર્યરીતી સંહીતા, ૧૯૦૮ ની કલમ– ૩૪ મુજબ દાવા દાખલ તારીખથી વાર્ષિક ૦૬ ટકાના સાદા વ્યાજ સબંધી હુકમ કરવા ઉચિત જણાતો હોય, પ્રતિવાદી જાતે કે તેમના વિ.વ.શ્રીએ હાજર રહી વાદીની દાવા હકીકતોનું કોઇ ખંડન કરેલ નથી અને તેથી વાદીના વિ.વ.શ્રીની દલીલો સાથે સમંત થઇ હાલના પ્રતિવાદી પાસેથી વીજ વપરાશની લેણી રકમ બાકી રહેતી હોવાનું માની લઈ મુદ્દા નં.૩ નો જવાબ''અંશત:હકારમાં ૬% લેખે'' આપી આ કામે વાદી વીજ કંપની દ્વારા જે ગણતરી પત્રક તૈયાર કરવામાં આવેલુ તે મુજબ અને પ્રતિવાદીને વીજ વપરાશ પેટે જે બીલ આપેલુ તે મુજબ વાદી જણાવે છે તેવી રકમ નિયમ મુજબની હોવાનું પણ પુરવાર થાય છે. આમ જયારે મુદ્દા નં. ૧ થી ૪ વાદીની તરફેણમાં પુરવાર કરવામાં સફળ રહેલ છે ત્યારે તથા પ્રતિવાદી દ્વારા યોગ્ય વ્યાજબી બચાવની તક મળવા છતાં પોતાનો પક્ષ રજુ રાખવામાં કે સાબીતીનો બોજો વાદીના શીરે તબદીલ કરવામાં કોઇ પ્રયત્ન કરેલ નથી ત્યારે આવા સંજોગોમાં વાદી મુદ્દા નં. ૧ થી ૪ પોતાની તરફેણમાં પુરવાર કરવા સફળ નિવડેલ હોય વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા અંશત: હકકદાર હોવાનું જણાય આવે છે. જેથી મુદ્દા નં. ૧નો નિર્ણય''અંશત:હકારમા'' તથા ૨ નો નિર્ણય '' અંશત:હકારમા'' ઠરાવી , મુદ્દા નં. ૩ નો નિર્ણય ''અંશત:હકારમાં ૬% લેખે ઠરાવી મુદા નં. ૪ નો નિર્ણય '' અંશત: હકારમા''આપી મુદ્દા નં. ૫ નો નિર્ણય ''અંશત:હકારમાં'' ઠરાવી મુદ્દા નં. ૬ અંગે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) વાદી કંપનીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) વાદી પ્રતિવાદી પાસેથી રૂા.૧૧૨૪૭–૪૬/–(અંકે રૂપીયા અગીયાર હજાર બસો સુડતાલીસ તથા છેતાળીસ પૈસા) પુરા દાવા દાખલ તારીખથી વાર્ષિક ૬% ટકાના વ્યાજથી લેણી રકમ વસુલ થતાં સુધી મેળવવા હકકદાર બનતા હોવાનું આથી ઠરાવવામાં આવે છે. તેમજ જો પ્રતિવાદી ઉપરોકત રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વાદી પ્રતિવાદીની જાત મિલ્કત તેમજ દરેક પ્રકારની સ્થાવર જંગમ મિલ્કતમાંથી મેળવવા હકકદાર રહેશે.

(૩). વાદીને થયેલ દાવા ખર્ચ પ્રતિવાદીએ ચુકવવો.

(૪). હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા. ૨૪મી, માહે– જુલાઇ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ :– ધનસુરા
તા. :– ૨૪/૦૭/૨૦૨૬

(અર્પિત એ.જાની)
પ્રિન્સીપાલ સીવીલ જજ,
ધનસુરા– અરવલ્લી
(કોડ નં. જી.જે. ૦૧૬૪૪)